## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



જો તારે પપ્પાએ બતાવેલ છોકરા સાથે મેરેજ ન જ કરવા હોય તો... તારો આધારકાર્ડ વાળો ફોટો મુરતીયા પાસે મોકલી દે...

# સેન્ટ્રલ વિસ્ટા પાસે અગ્નિસ્નાન કરી લેનાર યુવતીનું મૃત્યુ

### પ્રેમીએ લગ્ન કરવાની ના પાડતા પગલુ ભર્યુ હોવાનું યુવતીનું મરણોત્તર નિવેદન : પ્રેમી તથા તેના મિત્રોના નામ યુવતિએ આપ્યા હતા : ચાર સામે ગુનો નોંધાય તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૨૯

શહેરના ઘ-૪ નજીક સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન પાસે બેંક ઓફ બરોડાની સામે ત્રણ દિવસ પહેલા મોડી સાંજે બોરીજમાં રહેતી ૨૫ વર્ષીય યુવતી રીદ્ધી ગોસ્વામીએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ભાઈજીપુરા પાસે રહેતા તેના પ્રેમી પંકજ સોલંકીએ લગ્ન કરવાની ના પાડતા રીદ્ધીને લાગી આવ્યુ હતુ. સમાધાન માટે મિત્રોને લઈને પંકજ ઘ-૪ ગાર્ડન પાસે રીદ્ધીને મળવા આવ્યો હતો. છુટા પડ્યા બાદ રીદ્ધીએ પોતાના શરીર પર પેટ્રોલ છાંટીને દિવાસળી ચાંપી દઈ અગ્નીસ્નાન કરીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

આ ઘટનામાં ત્રણ દિવસથી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતી યુવતી રીદ્ધીનું આજે બપોરે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ. જ્યારે સારવારમાં દાખલ હતી ત્યારે પોલીસે તેણીનુ નિવેદન નોંધ્યુ હતુ. તે ઉપરાંત મરણોત્તર નિવેદન લેવામાં આવ્યુ છે. પ્રેમી પંકજ સોલંકી તથા તેના અન્ય ત્રણ મિત્રોના નામ રીદ્ધીએ લખાવ્યા હતા. પ્રેમીએ લગ્ન કરવાની ના પાડતા માથાકુટ થઈ હતી. ત્યારબાદ રીદ્ધીએ આ પગલુ ભર્યુ હતુ. સેક્ટર-૭ પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ પ્રજાપતીએ શરૂ કરી છે. અંતિમવિધિ બાદ મૃતક યુવતીના પિતા જવાબદારો સામે ફરીયાદ આપવા આવનાર હોવાનુ ઈન્વેસ્ટીગેશન ઓફીસરે જણાવ્યુ છે. મોડી સાંજ સુધી આ પ્રકરણમાં કોઈ સામે ગુનો દાખલ થયો ન હતો.

# ઓમપ્રકાશ કશ્યપના મૃતદેહને સિંગાપુરથી ગાંધીનગર લાવવા કોંગ્રેસના નેતાઓએ ઉમદા સેવા પુરી પાડી

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરના અગ્રણી ઓમપ્રકાશ કશ્યપનુ સિંગાપોરમાં દુખદ અવસાન થતા નગરજનોમાં ઘેરાશોકની લાગણી વ્યાપી છે. બ્રહ્મમાકુમારીઝના સ્વાધ્યાયી ઓમપ્રકાશ કશ્યપ તેમની દીકરીને મળવા પત્ની સાથે ઓસ્ટ્રેલિયા ગયા હતા જયાંથી પરત ફરતા તેમની તબિયત લથડી હતી. વિમાન ઉતરાણના અંતે તેમને સિંગાપોરની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવા પડ્યા હતા. આ દરમિયાન તેમનુ દુખદ અવસાન થયુ હતુ. પતિના મૃત્યુથી શોકાતુર પત્ની કપરી સ્થિતિમાં મુકાઈ ગયા હતા. તેમના મૃતદેહને સિંગાપોરથી ગાંધીનગર પહોંચાડવાનુ કામ લોઢાના ચણાં ચાવવા સમાન કપરુ હોવાથી સ્વર્ગસ્થ ઓમપ્રકાશના પત્ની તારુલતાબેનની ચિંતા ઘેરી બની હતી. પરંતુ એ આઇ સી સી ના અધ્યક્ષ અહેમદ પટેલ તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા નિશિત વ્યાસે મદદ કરી ઓમપ્રકાશ કશ્યપના પાર્થિવદેહને ગાંધીનગર પહોંચાડવાનુ ઉમદા કામ કર્યુ હતુ.

**દિકરીને મળીને ઓસ્ટ્રેલિયાથી પરત ફરતા ઓમપ્રકાશ કશ્યપની તબિયત લથડતા સિંગાપોર હોસ્પિટલમાં અવસાન થયુ હતુ : એકલતામાં શોક સામે ઝઝુમતા તારુલતાબેનને કોંગ્રેસના અહેમદ પટેલ અને નિશિત વ્યાસે વિદેશમાં મદદ પુરી પાડી મૃતદેહને ગાંધીનગર પહોંચાડ્યો**

ગુજરાત વિદ્યુત વિભાગના નિવૃત કર્મચારી અને બ્રહ્માકુમારીઝના સ્વાધ્યાયી નાગરિક બેંકના પુર્વ એમ ડી ભાઈલાલભાઈ અમીનના જમાઈ ઓમપ્રકાશ કશ્યપનુ દુખદ અવસાન થતા નગરજનોએ શોકની લાગણી વ્યક્ત કરી છે. ઓમપ્રકાશ કશ્યપ તેમની દિકરીને મળવા પત્ની તારુલતાબેન સાથે ઓસ્ટ્રેલિયા ગયા હતા. જયાંથી પરત થતી વેળાએ તેમની અચાનક જ તબિયત લથડતા વિમાની ઉતરાણ કરી તેમને સિંગાપોરની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જયારે સારવાર દરમિયાન તેમનુ મૃત્યુ થતા તેમના પત્ની તારુલત્તાબેન શોકાતુર અવસ્થામાં એકલા પડી જતા ઘેરા દુખની સાથે વિદેશમાં ચિંતાની હાલતમાં મુકાઇ ગયા હતા. એકબાજુ પતિની વિદાયના દુખની સાથે તેમના પાર્થિવ શરીરને ગાંધીનગર પહોંચાડવાનુ કામ પણ કપરુ બન્યુ હતુ. વિવિધ દેશોના કાયદા મુજબ આ પ્રકારે મૃતદેહને અંતિમવિધિ માટે પરત સ્વદેશ લઈ જવાનુ કામ અત્યંત જટીલ અને કપરુ બની જતુ હોય છે. આ અંગે તેમના ભત્રીજા કશ્યપ અમીનને જાણ થતા તેમણે ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા નિશિત વ્યાસને દુખદ ઘટનાની જાણ કરી હતી. જયારે નિશિત વ્યાસે આ અંગે સોનિયા ગાંધીના સલાહકાર અહેમદ પટેલને જાણ કરી મદદ માંગી હતી. અહેમદ પટેલે વિદેશ મંત્રાલયને જાણ કરી મદદ કરવા વ્યવસ્થા ગોઠવી હતી. જેના લીધે માત્ર અડધા કલાકમાં જ સિંગાપોરની હોસ્પિટલમાં ભારતીય દુતાવાસના પ્રતિનિધિ પહોંચી તમામ કાર્યવાહી પુર્ણ કરાવી ઓમપ્રકાશ કશ્યપના મૃતદેહને ગાંધીનગર પહોંચાડવાનુ ઉમદા કામ પુર્ણ કર્યુ હતુ.

# ભાજપના કાર્યકરો ઘેર-ઘેર ફરી સરકારની સિદ્ધિઓ જણાવશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેર ભાજપના કાર્યકર્તાઓ આગામી દિવસોમાં વિસ્તારક યોજના અંતર્ગત ઘેર ઘેર ફરી અને સરકારની સિદ્ધિઓની જાણકારી લોકો સુધી પહોંચાડશે.

આજે શહેર ભાજપની મળેલ કારોબારી બેઠકમાં આ અંગે નિર્ણય કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં શહેરના પ્રભારી રમીલાબેન બારા, ઝોન ઈન્ચાર્જ કે.સી. પટેલ, શહેરના હોદ્દેદારો કાઉન્સીલરો તેમજ કારોબારીના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૦ બેઠકોના લક્ષ્યાંક સાથે વિસ્તારક યોજના અંતર્ગત બુથ મજબુતીકરણના અભિયાન અંગે વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

આ બેઠકમાં બુથવાસી મહેશભાઈ કસવાલા તેમજ ગોસ્વામી હર્ષદગીરી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં આગામી દિવસોમાં પક્ષના આવનારા વિવિધ કાર્યક્રમોની પણ જાણકારી સૌને આપવામાં આવી હતી.



ગાંધીનગરની દિકરી કેલેન્ડર ગર્લ અવની મોદી ભાજપનો પ્રચાર કરશે

ગાંધીનગર મહાનગર ભાજપની કારોબારીની બેઠક સેકટર-૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે યોજાઈ હતી. આ પ્રસંગે બોલીવુડમાં અભિનયના ઓજસ પાથરીને ગાંધીનગર શહેરનું ગૌરવ વધારનાર અભિનેત્રી અવની મોદી હાજર રહી હતી. આ બેઠકમાં ભાજપના ગાંધીનગરના પ્રભારી રમીલાબેન બારાએ ભાજપનો ખેસ પહેરાવ્યો હતો. આ બેઠકમાં પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ, હર્ષદગીરી ગોસ્વામી, શહેરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, , મેયર પ્રવિણભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, સ્ટે.ચેરમેન મનુભાઈ પટેલ, શહેર પ્રમુખ મહેન્દ્ર દાસ સહિત કોર્પોરેટરો તેમજ વિવિધ મોરચા અને સેલના હોદેદારો હાજર રહ્યા હતા. જયારે આગામી વિધાનસભાની ચુંટણીમાં અવની મોદી ભાજપ માટે પ્રચાર કરશે.

# તમાકુ વિરોધી અભિયાનમાં ૨૨૦૦નો દંડ વસુલાયો

ગાંધીનગર, તા. ૨૯

જિલ્લામાં તમાકુ વિરોધી અભિયાન અંતર્ગત કોબા-સુઘડ પંથકમાંથી ૨૨૦૦ રૂ. જેટલો દંડ વસુલવામાં આવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા આરોગ્યતંત્રની ટીમોએ તપાસ હાથ ધરી હતી અને આ તપાસ દરમ્યાન રૂ. ૨૨૦૦ જેટલો દંડ ૧૬ જેટલા ગલ્લાવાળાઓ પાસેથી વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

નવા નાણાંકીય વર્ષમાં પ્રથમ તપાસમાં જ રૂ. ૨૨૦૦ જેટલો દંડ વસુલી તંત્રએ આગામી દિવસોમાં કડકાઈથી કાર્યવાહી કરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત આપી દીધા છે. જિલ્લા પંચાયતના સ્કોલર પર પણ તમાકુ વિરોધી અભિયાન અંગેની જાહેરાત મુકવામાં આવી છે. વિતેલા નાણાંકીય વર્ષમાં ૮૮ હજાર જેટલો દંડ તંત્રની ટીમોએ વસુલ્યો હતો જે ઉલ્લેખનીય છે.

# ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક મુલતવી રખાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ વિક્રમસિંહ ખાચરના પુત્ર યુવરાજસિંહ ખાચર કોલેજના છેલ્લા વર્ષની પરીક્ષા આપીને પરત આવતા હતા ત્યારે આશ્કા હોસ્પિટલ સરગાસણ પાસે ગંભીર અકસ્માત થતા કરૂણ નિધન થયાના સમાચાર મળતાની સાથે જ જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠકમાં શોક પ્રસ્તાવ પસાર કરી બે મીનીટ મૌન પાળીને બેઠકને મુલતવી રખાઈ હતી. વધુમાં સૌ આગેવાનો ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી જઈને વિક્રમસિંહ ખાચર તથા તેમના પરિવારજનોને અકસ્માતે આવી પડેલ દુ:ખદ વેળાએ શાંત્વના પાઠવી હતી તેવું જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં ઉપપ્રમુખ યાકુબભાઈ મનસુરીએ જણાવ્યું છે.

# ગાંધીનગર(૬) વિધાનસભા વિસ્તારમાં ૨૩ કિ.મી.ના ૧૦ કરોડના ખર્ચે નોન-પ્લાન રસ્તા બનશે

ગાંધીનગર, તા. ૨૯

રાજયના માર્ગ-મકાન વિભાગના મંત્રી નીતિન પટેલે ગાંધીનગર (૬) વિધાનસભા મત વિસ્તારમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૨૩.૮૦ કિ.મી.ના નોન પ્લાન રસ્તાઓને રૂ. ૧૦.૫૦ કરોડના ખર્ચે બનાવવાની મંજૂરી આપી છે.

વિધાનસભાના ઉપાધ્યક્ષ અને ગાંધીનગર (૬)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરને આ મંજૂરી અંગેની જાણકારી આપતો પત્ર પણ મંત્રીશ્રીએ મોકલ્યો છે.

શંભુજી ઠાકોરે મંત્રીશ્રીના આ નિર્ણયને આવકારી જણાવ્યું છે કે આ મંજૂરીથી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રોડ કનેક્ટીવીટી વધુ મજબુત થશે એટલુ જ નહિ વાહન વ્યવહારની સરળતાને કારણે લોકોનો સમય ઈંધણની પણ સારી એવી બચત થશે. તેમણે મંત્રીશ્રીનો આભાર પણ માન્યો હતો.

જે કામો મંજૂર કરાયા છે તે આ મુજબ છે. ગાંધીનગર તાલુકામાં ડભોડા હનુમાન મંદિર પાસેથી નદીમાં કોઝવે બનાવી વડોદરા-સોલંકીપુરા તથા વડોદરા-લાટને જોડતો રસ્તો લંબાઈ ૪ કિમી. ખર્ચ ૨૪૦ લાખ, દશેલાથી મહુન્દ્રા રોડ ૩ કિમી. ૧૨૦ લાખ, શીહોલી મોટી સધી માતાના મંદિરથી પ્લાન્ટ પાસે હાઈવેને જોડતો રસ્તો ૧.૫ કિ.મી. ૬૦ લાખ, ગીયોડથી શીવપુરા કંપાને જોડતો રસ્તો ૨ કિ.મી. ૮૦ લાખ, પ્રાંતિયાથી બાસણ ગામને જોડતો રસ્તો ૩ કિ.મી. ૧૨૦ લાખ, ચિલોડા મોટા ગુડાના રોડથી મગોડી, મોમાઈ માતાના મંદિર સુધીનો રસ્તો ૨.૫૦ કિ.મી. ૧૦૦ લાખ, વજાપુરાથી લક્ષ્મી-મોતી ફાર્મ થઈ વલાદ હાઈવેને જોડતો રસ્તો ૨ કિ.મી. ૮૦ લાખ, મેદરા ગામથી ફાટક થઈ આધારશીલા લીંબડીયાને જોડતો રસ્તો ૪ કિ.મી. ૧૬૦ લાખ, ટીટોડાથી ભોંયણ રાઠોડ રોડથી રાણીસર તળાવથી વિનસ કોલેજ સુધીનો રસ્તો ૧ કિમી. ૪૦ લાખ, કોબા અડાલજ સ્ટેટ હાઈવેથી ચોર્યાસી સમાજ સંસ્કાર સંકુલથી સ્મશાન ગૃહ થઈ અંબાપુર જોડતો રોડ ૦.૮૦ કિ.મી. ૫૦ લાખ.

# સે-૧૩ ખાતે અસંગઠિત કામદારો અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પેરાલીગલ વોલન્ટીયર જયરામભાઈ સોની દ્વારા સે-૧૩ ઉદ્યોગ ટ્રેનીંગ સેન્ટર ખાતે અસંગઠિત કામદારોને યુ.વિન આઈડી કાર્ડ મેળવવા અને મળવાપાત્ર લાભો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંસ્થાના સુપ્રિટેન્ડેન્ટ દ્વારા સંસ્થાકીય પ્રવૃત્તિ વિશે જાણકારી આપી હતી. ધો-૧૦થી ઓછો અભ્યાસ કરનાર બાળકોએ યોગ્ય તાલીમ મેળવી રોજગારી મેળવી શકે તેવી જાણકારી આપવામાં આવી હતી.





# જિલ્લાની બી.પી.એલ પરિવારની ૩૫૦ મહિલાઓને ઉજાલા યોજના અંતર્ગત ગેસ કનેકશન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા પુરવઠા કચેરી દ્વારા આજ રોજ પ્રધાનમંત્રી ઉજાલા યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લાની ૩૫૦ બી.પી.એલ પરિવારની મહિલાઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા હતા. મહિલાઓને ગેસ કનેકશન ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોરના હસ્તે અપાયા હતા.



આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જયારે ગુજરાત રાજયમાં મુખ્ય મંત્રી તરીકે શાસનધુરા સંભાળી તે પછી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ ગરીબો સુધી હાથો હાથ પહોંચે તેવા ઉમદા આશયથી રાજયભરમાં ગરીબ કલ્યાણ મેળા શરૂ કર્યા હતા. તેમણે વડાપ્રધાન બન્યા બાદ પણ સંવેદનશીલ સરકારનું દષ્ટાંત આપતી પ્રધાનમંત્રી ઉજાલા યોજના અમલી બનાવી છે. ગ્રામ્ય કક્ષાએ ચુલા પર રસોઈ બનાવતી મહિલાઓને સ્વાસ્થ્ય પર ચુલાના ધુમાડાની અસર કેવી થાય છે, તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, આ યોજના અંતર્ગત દેશના બી.પી.એલ પરિવારની મહિલાઓને ગેસ કનેકશન આપવામાં આવી રહ્યાં છે. દેશમાં આ યોજના અંતર્ગત ૧.૫૦ કરોડ મહિલાઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે. તેમજ આગામી ત્રણ વર્ષના ટુંકા ગાળામાં ૫ કરોડ મહિલાઓને ગેસ કનેકશન મળી રહે તેવી સુચારું વ્યસ્થા ગોઠવવામાં આવી છે. તેમજ ગાંધીનગર જિલ્લામાં આ યોજનાનો લાભ લેવા માટે ૩૨ હજાર લાભાર્થીઓની અરજીઓ આવી હતી. જેમાંથી ૨૮ હજાર જેટલા લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. તેમજ જિલ્લાના કુલ- ૭૮ હજાર બી.પી.એલ પરિવારોને આ યોજના હેઠળ ડિસેમ્બર- ૨૦૧૭ સુધીમાં ગેસ કનેકશન આપવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુચારું વ્યવસ્થા કરવામાં આવી છે.

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ઉપસચિવ શ્રી મનોજ શ્રોફે જણાવ્યું હતું કે, દેશમાં તા. ૧ એપ્રિલ, ૨૦૧૬થી પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અમલી બનાવવામાં આવી હતી. આ યોજના અંતર્ગત રાજયના ૩૯ લાખ બી.પી.એલ પરિવારોને ગેસ કનેકશન આપવા માટેનું સુવ્યસ્થિત આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ગેસનો ઉપયોગ કેમ કરવો તેનું પ્રત્યેક્ષ નિરૂપણ કરવામાં આવ્યું હતું.